# ગુજરાત યુનિવર્સિટીની જુની સાધનસામગ્રી, ફર્નીચર તથા અન્ય બિનઉપયોગી માલસામાનના નિકાલ અંગેનું ટેન્ડર ( offline )

## <u>ટેન્ડરની શરતો</u>

૧. ટેન્ડર ફોર્મ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઇટ www.gujaratuniversity.ac.in પરથી ડાઉનલોડ કરી શકાશે.

૨. ટેન્ડર ફોર્મની કિંમત રૂ. 1,000/- અંકે રૂપિયા એક હજાર છે. જે પરત ન આપવાની શરતે "The Registrar Gujarat University" અમદાવાદના નામે ડિમાન્ડ ડ્રાફ્ટ,ભરેલ ટેન્ડર ફોર્મ સાથે જમા કરાવવાનો રહેશે. ટેન્ડર ફી ભર્યા વગરના ટેન્ડર રદ ગણવામાં આવશે.

૩. અર્નેસ્ટ મની ડિપોઝીટ રૂ. 50,000/- અંકે રૂપિયા પચાસ હજાર છે જે અંગેનો ડિમાન્ડ ડ્રાફ્ટ ભરેલ ટેન્ડર ફોર્મ સાથે જમા કરાવવાનો રહેશે. EMD ભર્યા વગરના ટેન્ડર રદ ગણવામાં આવશે.

૪. ભરેલ ટેન્ડર જમા કરવાની છેલ્લી તા. 20-06-2019 સમય સાંજે 5:00 વાગ્યા સુધીમાં યુનિવર્સિટી કાર્યાલય રૂમ નં 38 માં સ્વીકારવામાં આવશે. મોડા આવેલ ટેન્ડર રદ ગણવામાં આવશે.

૫. ટેન્ડર સીલ કરી આપવાના રહેશે. સીલ કર્યા વગરના ટેન્ડર રદ ગણવામાં આવશે. ટેન્ડરના કવર ઉપર "ગુજરાત યુનિવર્સિટીની જુની સાધનસામગ્રી, ફર્નીચર તથા અન્ય બિનઉપયોગી માલસામાનના નિકાલ અંગેનું ટેન્ડર" એમ સ્પષ્ટ મોટા અક્ષરે લખવાનું રહેશે.

૬. ટેન્ડર ખોલવાની તારીખ 21-06-2019 સમય બપોરે 1:00 વાગ્યાનો રહેશે.

૭. ઓફરમાં મુકેલ માલસામાન શનિવાર, રવિવાર તેમજ જાહેર રજાના દિવસ સિવાય સવારે 10.30 થી સાંજે 5.30 સુધીમાં જોવા મળશે. તેમજ આ અંગે યુનિવર્સિટી કાર્યાલય રૂમ નં 1 એસ્ટેટ વિભાગ ફોન નં. 263013333 અથવા GUSEC East Wing/ Workshop માઇક્રોબાયોલોજીની સામે, ફોન નં. 26303252 પર સંપર્ક કરવો.

૮. માલસામાનના નિરિક્ષણ બાદ ભાવપત્રકમાં જે તે લોટ મુજબ ભાવ ભરવાનો રહેશે. આંશિક લોટની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

૯. માલસામાન જ્યા છે ત્યા અને તે સ્થિતિમાં જ આપવામાં આવશે.

૧૦. જે તે લોટમાં જે બિડરના ભાવ H1 હશે (લોટવાઇઝ) તેનું ટેન્ડર મંજુર કરવામાં આવશે.

૧૧. બધા લોટના ભાવ ભરવા ફરજિયાત નથી.

૧૨. માલસામાન ઉપાડવા માટે જરૂરી સાધનો તેમજ લેબર, વાહન તથા તેના ખર્ચ અંગેની જવાબદારી ટેન્ડરરની રહેશે.

૧૩. જે ટેન્ડરરની ઓફર સ્વીકારવામાં આવશે. તેમની અથવા તેઓના જવાબદાર વ્યક્તિની હાજરીમાં તેમજ યુનિવર્સિટીના પ્રતિનિધિની હાજરીમાં તેમજ ઓફિસ સમય દરમ્યાન જ માલસામાન લોડ કરીને લઇ જવાનો રહેશે.

૧૪. જે ટેન્ડરરનો ભાવ મંજૂર થાય અને જાણ કરવામાં આવે એટલે કે વર્ક ઓડર મળ્યા બાદ 3 (ત્રણ) દિવસમાં પુરેપુરી રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ જમા કરાવવાનો રહેશે.તેમજ જે તે સરકારી કચેરીમા GST જમા કરાવી તેની રસીદ યુનિ. માં આપવા ની રહેશે. જો તેમ કરવામાં કસુર થશે તો ભાવ રદબાતલ ગણવામાં આવશે અને અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

૧૫. માલસામાનની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ જમા કરાવ્યા બાદ તેમજ GST ભર્યા બાદ 5(પાંચ) દિવસમાં તમામ માલસામાન ટેન્ડરરના ખર્ચે અને જોખમે ઉપાડી લેવાનો રહેશે. એટલે કે ઓર્ડર મળ્યાથી કુલ આઠ વર્કિંગ દિવસમાં ( વર્કઓડર મળ્યા બાદ 3 દિવસ લોટ ની રકમ તથા GST ભરવા માટે તથા 5 દિવસ માલ સામાન ઉપાડવા માટે ) લોટમાં રહેલ તમામ માલસામાન ઉપાડી લેવાનો રહેશે. જો આ સમય કરતા વધુ સમય થશે તો વિલંબિત દિવસના પ્રતિ દિવસ રૂ. 2,500/- અંકે રૂપિયા બે હજાર પાંચસો મુજબ પેનલ્ટી વસુલ કરવામાં આવશે.

૧૬. માલસામાન ઉપાડતી વખતે સંસ્થાની માલમિલ્કતને કોઇપણ પ્રકારનું નુકસાન થશે તો નુકસાની પેટેની રકમ EMDની રકમમાંથી વસુલ કરવામાં આવશે.

૧૭. સરકારી નિયમાનુસાર જે તે તમામ ચુકવવા પાત્ર વેરા (GST) જે તે સરકારી વિભાગમાં જમા કરાવવાની જવાબદારી ટેન્ડરરની રહેશે.

૧૮. ઉપરોક્ત માલસામાનમાં સ્માવિષ્ટ જે ચીજવસ્તુઓમાં Toxic Substances હોય તો તેવી ચીજવસ્તુઓના આખરી નિકાલ માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના પ્રવર્તમાન ધારાધોરણો મુજબ, સરકાર માન્ય એજન્સી દ્વારા સદર વસ્તુઓનો આખરી નિકાલ કરવાનો રહેશે તેમજ તે અંગેની સંપૂર્ણ જવાબદારી ટેન્ડરરની રહેશે. તેમજ આ અંગે બાહેધરી પત્ર આપવાનો રહેશે.

૧૯. માલસામાન સંપૂર્ણપણે ઉપાડ્યા બાદ તે સ્થળે રહેલે ભંગારના કચરાની સફાઇ ટેન્ડરરે કરાવવાની રહેશે ત્યારબાદ જ તેઓની ડિપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

૨૦. કોઇપણ ભાવ  કે તમામ ભાવ મંજૂર કરવાના કે રદ કરવાના તમામ હક, યુનિવર્સિટીના કુલપતિશ્રીના રહેશે. જેના માટે કોઇપણ પ્રકારના કારણો દર્શાવવામાં આવશે નહી.

૨૧. જે ઇજારદારશ્રી ટેન્ડર ભરવા ઇચ્છતા હોય તેઓશ્રીએ સીલબંધ કવરમાં ટેન્ડર ફી, EMD નો ડ્રાફ્ટ, ભાવપત્રક, ટેન્ડરની શરતો સ્વીકાર્ય છે તેમજ બાંહેધરી પત્રમાં સહી સિક્કા સાથેનાં ડોક્યુમેન્ટ અને તેઓનો ધંધો પ્રોપરાઇટર, પાર્ટનરશિપ છે કે કંપની છે તેનો આધાર પુરાવો અને ધંધાના સ્થળનું સરનામુ આપવાનું રહેશે.

૨૨. ઉપરોક્ત તમામ શરતો મે વાંચી છે સમજયો છું અને તે મને માન્ય છે. તેવી હું બાહેધરી આપું છું.

ટેન્ડરરની સહીઃ- ......................................

સિક્કોઃ- ................................................

મોબાઇલ નંબરઃ- .....................................

નામઃ- ..................................................

સરનામુંઃ- .............................................

આ સાથે સામેલ તમામ શરતોને માન્ય રાખીને આપની સંસ્થા ખાતે રહેલ વેચાણમાં મુકેલ જુની સાધનસામગ્રી, ફર્નીચર તથા અન્ય બિનઉપયોગી માલસામાન જેમ છે તે હાલમાં મેળવવા માટેના મારા ઓફર ભાવ નીચે મુજબ છે જે ધ્યાને લેવા વિનંતી છે.

| ક્રમ. | Lot NO. | Lotમાં રહેલ સાધન સામગ્રી | Lotનું લોકેશન | હયાત જથ્થા મુજબની કુલ કિંમત રૂ. |
|---|---|---|---|---|
| ૧. | ૧.૧ થી ૧.૩ | **<u>લાકડાનું ફર્નિચર</u>**- લાકડા ના ટેબલ, ખુરશી, દરવાજા, બારી વગેરે | રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર પાછળ | |
| | ૧.૪ થી ૧.૫ | લાકડા ના ટેબલ, ખુરશી વગેરે | એમ્ફીથિયેટર પાસે | |
| | ૧.૬ | લાકડા ના ટેબલ , દરવાજા, બારી , પાટીસન વગેરે | ફીજીક્સ વિભાગ પાસે | |
| ૨. | ૨.૧ થી ૨.૨ | **<u>લોખંડનું ફર્નિચર</u>**- લોખંડ ની ખુરશી, ગાદીવાળી ખુરશી , સ્ટ્રિટ લાઈટ ની પાઈપો , બારી ની ફ્રેમો , રેક વગેરે | રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર પાછળ | |
| | ૨.૩ | લોખંડ સ્ક્રેપ, રેક, ફાઇલીંગ કેબિનેટ , ગાર્ડન જાળી વગેરે | ફિઝિક્સ પાસે | |
| | ૨.૪ | લોખંડ રેક, બેન્ચ વગેરે | એમ્ફીથિયેટર પાસે | |
| | ૨.૫ | લોખંડ જાળી, પરચુરણ વગેરે | એમ્ફીથિયેટર પાસે | |
| | ૨.૬ | લોખંડ કબાટ વગેરે | એમ્ફીથિયેટર પાસે | |
| | ૨.૭ | લોખંડ કબાટ ,ટેબલ વગેરે | ફિઝિક્સ પાસે | |
| | ૨.૮ | લોખંડ રેક વગેરે | પરીક્ષા ભવન પાસે | |

| | | | | |
|---|---|---|---|---|
| ૩. | ૩.૧ થી ૩.૨ | **ઇલેક્ટ્રિક આઇટમ-**<br>એ.સી, વોટર કુલર, ફ્રિઝ, ઇન્સ્ટ્રુમેન્ટ વગેરે | એમ્ફીથિયેટર પાસે | |
| | ૩.3 | A.C. પ્લાન્ટ (રૂમોમા રહેલ ડક્ટ સિવાય)– ૨ નંગ (ડિસમેન્ટલ કરીને લઈ જવાના રહેશે) | રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં | |
| ૪. | ૪.૧ | પરચુરણ સ્ક્રેપ | રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર પાછળ | |
| | ૪.૨ | પરચુરણ સ્ક્રેપ | ફિઝિક્સ પાસે | |
| | ૪.3 | પરચુરણ સ્ક્રેપ | એમ્ફીથિયેટર પાસે | |
| | ૪.૪ | પરચુરણ, બોટલો, પતરા વગેરે | ફિઝિક્સ પાસે | |
| ૫. | ૫.૧ થી ૫.૨ | ગેસ પ્લાન્ટના સળિયા અને ગ્રીલ | કેમેસ્ટ્રી વિભાગ પાછળ | |
| ૬. | ૬.૧ | પાર્કીંગ શેડ<br>પતરા | માઇક્રોબાયોલોજી વિભાગ સામે<br>બોટની વિભાગ સામે | |
| | ૬.૨ | પાર્કીંગ શેડ | કેમેસ્ટ્રી વિભાગ સામે | |
| | ૬.3 | પાર્કીંગ શેડ, પતરા ( તમામ પાર્કિંગ શેડ ડિસમેન્ટલ કરીને લઇ જવાના રહેશે ) | ઝુઓલોજી વિભાગ સામે | |
| ૭. | ૭. | સાત નંગ મશીન તથા અન્ય સાધન સામગ્રી(અમુક મશીન ફાઉન્ડેશનમાંથી ડિસમેન્ટલ કરીને લઇ જવાના રહેશે) | વર્કશોપ વિભાગમાં | |
| ૮. | ૮.૧ | જુના દરવાજા તથા અન્ય | લેડીઝ હોસ્ટેલ મેઇન ગેટ પાસે | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૮.૨ | લાકડાના પલંગ તથા અન્ય સામાન | ડોરમેન્ટ્રી લેડીઝ હોસ્ટેલ | |
| | ૮.૩ | સાયકલ ,ટ્યુબ અને પંખા વગેરે | ડોરમેન્ટ્રી લેડીઝ હોસ્ટેલ | |
| ૯. | ૯. | લાકડાના પલંગ, ખુરશી, લોખંડની ખુરશી, સિલિંગ ફેન વગેરે | બોયઝ હોસ્ટેલ | |
| ૧૦. | ૧૦. | ગેસ પ્લાન્ટ તથા તેના લોખંડના દરવાજા (ડિસમેન્ટલ કરીને લઇ | કેમેસ્ટ્રી વિભાગ પાછળ | |

ટેન્ડરરની સહી:- ......................................

સિક્કો:- ................................................

મોબાઇલ નંબર:- .....................................

નામ:- ..................................................

સરનામું:- .............................................

## <u>બાહેધરી પત્ર</u>

પ્રતિ,

કુલસચિવશ્રી,

ગુજરાત યુનિવર્સિટી,

અમદાવાદ-૩૮૦ ૦૦૯.

મા. સાહેબશ્રી,

ગુજરાત યુનિવર્સિટીની જુની સાધનસામગ્રીના નિકાલ અંગેના માલસામાનમાં સ્માવિષ્ટ જે ચીજવસ્તુઓમાં Toxic Substances હોય તો, તેવી ચીજવસ્તુઓના

આખરી નિકાલ માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના પ્રવર્તમાન ધારાધોરણો મુજબ, સરકાર માન્ય એજન્સી દ્વારા સદર વસ્તુઓનો આખરી નિકાલ કરવાની હું બાહેધરી આપું છું. અને આ બાબતે કસુર થાય તો તેની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે.

ટેન્ડરરની સહીઃ- .......................................

સિક્કોઃ- ..................................................

મોબાઇલ નંબરઃ- ......................................

નામઃ- ....................................................

સરનામુંઃ- ..............................................

## <u>જાહેર નિવિદા.</u>

ગુજરાત યુનિવર્સિટીની જુની બિન ઉપયોગી સાધન સામગ્રીના તથા E Waste ના નિકાલ અંગે સિલબંધ ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. જેની છેલ્લી તારીખ: 20-06-2019 સમય: 17:00 કલાક છે. ટેન્ડરની વિગતો www.gujaratuniversity.ac.in પરથી મળશે.

તા. 12-06-2019 કુલસચિવશ્રી